**<u>વેડચ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૧૨૫૦૨૯૧/૨૦૨૫ તથા પોકસો કેસ નં.૦૬/૨૦૨૬ના કામે તથા પાલેજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૩૯૨૫૦૨૮૭/૨૦૨૫, પોકસો કેસ નં.૦૮/ ૨૦૨૬ના કામે પોલીસ અધિક્ષકશ્રી સુશીલ અગ્રવાલ, વડોદરા ગ્રામ્ય,વડોદરા તરફે પી.આઇ.શ્રી. એચ.બી.ગોહીલએ રજુ કરેલ વિડીયો કોન્ફરન્સથી હાજર રહેવા કરેલ અરજી નીચે હુકમ</u>**

૧. આ અરજી કલાક ૧૭.૨૦ એ પી.આઇ.શ્રી. એચ.પી.ગોહીલ રજુ કરે છે અને સુનવણી માટે શું કહેવું છે તે પુછતા પોતે પબ્લીક પ્રોસીકયુટરશ્રી અને જીલ્લા સરકારી વકીલશ્રીને બોલાવે છે તેમ જણાવેલ અને થોડીવાર બાકી રાખવા જણાવેલ અને ત્યારબાદ જણાવેલ પબ્લીક પ્રોસીકયુટરશ્રી અને જીલ્લા સરકારી વકીલશ્રી હોસ્પીટલ ગયા છે તેવું પી.આઇ.શ્રી એચ.બી.ગોહીલ જણાવે છે ત્યારબાદ વિ.એ.પી.પી.સુ.શ્રી એન.એમ.મિસ્ત્રી આવે છે કે અને તે જણાવે છે કે, પબ્લીક પ્રોસીકયુટરશ્રીની સુચના લેવાની છે અને તે હોસ્પીટલ ગયા છે તેમ જણાવે છે વિ.એ.પી.પી.સુ.શ્રી જી.વી.વ્યાસ જણાવે છે કે,આ બાબતે આઇ.ઓ શ્રી દલીલ કરી શકશે તેવું જણાવે છે અને ત્યારબાદ પી.આઇ.શ્રી. એચ.બી.ગોહીલએ થોડી વાર બાકી રાખવાનું કહેલ અને કલાક ૧૮.૪૦ વાગે પી.આઇ.શ્રી ગોહીલે એક મીનીટ બાકી રાખવાનું કહેલ અને ત્યારબાદ કલાક ૧૮.૪૫ પી.આઇ.શ્રી. એચ.બી.ગોહીલ અને પી.આઇ.શ્રી પી.જે.ખરસાણ હાજર છે અને હવે જણાવે છે કે, કાલે આઇ.ઓ. આવી જશે પરંતુ તપાસ કરનાર અધિકારીએ પોતાની અરજી સાથે નામદાર સુપ્રીમ કોર્ટનું સીવીલ અપીલ નં.૨૩–૨૪/૨૦૨૪ એસ.એલ.પી. સીવીલ નં.૮૫૭૫–૮૫૭૬/૨૦૨૩ નો તા.૦૩/૦૧/૨૦૨૪ ના ચુકાદાની નકલ રજુ કરેલ છે અને સાથે પોકસો કેસ નં.૦૮/૨૦૨૬માં પણ તે જ રીતે વિડીયો કોન્સફરન્સ અરજી કલાક ૧૭.૨૦ એ પી.આઇ.શ્રી એચ.બી. ગોહીલએ રજુ કરેલ છે અને તે આઇ.ઓ.એ રજુ કરવાની સુચના આપેલ તેથી રજુ કરેલ છે તેમ જણાવે છે અને તેમાં પણ ઉપરોકત નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરી તે ચુકાદાની નકલ રજુ

કરેલ છે અને તેમાં પણ વિ.એ.પી.પી.સુ.શ્રી જી.વી.વ્યાસએ આઇ.ઓ.શ્રી દલીલ કરશે એવો શેરો કરેલ છે અને પોકસો કેસ નં.૦૮/૨૦૨૬ આજે બોર્ડમાં નથી તે કેસની તા.૧૪/૦૭/૨૦૨૬ ની છે પરંતુ આઇ.ઓ. તરફથી પોકસો કેસ નં.૦૮/૨૦૨૬ બોર્ડ ઉપર લેવાની અરજી પણ રજુ થયેલ નથી અને સીધે સીધી વિડીયો કોન્ફરન્સની અરજી રજુ કરેલ છે અને આઇ.ઓ.શ્રી એચ.બી.ગોહીલ અને પી.આઇ.શ્રી પી.જે.ખરસાણને આ બંને વિડીયો કોન્સફરન્સથી હાજર રહેવાની અરજીની દલીલ તેઓ પોતે બંને કરવા ઇચ્છે તો બંને કરી શકે છે તેવું પણ કહેવામાં આવે છે પરંતુ તેઓ બંને તા.૧૪/૦૭/૨૦૨૬ જ રાખવા જણાવે છે. આરોપીના વિ.વકીલશ્રીએ સીન કર્યાનું તેમજ પોતાને આ અંગે કાંઇ કહેવું નથી તેમ જણાવેલ છે.

૨. પોકસો કેસ નં.૦૬/૨૦૨૬ના કામે આંક–૨૧ નીચે કરેલ હુકમ તથા પોલીસ અધિક્ષકશ્રીનો આંક–૩૧ તથા નિ.૩૧/૧ નો પત્ર તથા આંક–૩૩ તથા તે નીચે કરેલ હુકમ તથા આંક– ૩૯ તથા તે નીચેનો હુકમ, આંક–૪૨,૪૩ તથા તે નીચેનો હુકમ તેમજ આંક–૪૬ તથા તે નીચેનો હુકમ તથા આંક–૪૭ તથા તે નીચેનો હુકમ ધ્યાને લીધો, પરંતુ આઇ.ઓ. વિડીયો કોન્સફરન્સની અરજી આપેલ છે અને સાથે નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો રજુ કરેલ છે, તે ચુકાદો ધ્યાને લીધો અને આ કામે પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા તપાસ કરનાર અધિકારી છે અને આઇ.જી. શ્રીએ પણ અત્રેની કોર્ટના હુકમના અનુસંધાને પોલીસ અધિક્ષકશ્રી વડોદરા ગ્રામ્ય, સુશીલ અગ્રવાલને તપાસ સોંપેલ છે અને નિ.૩૧/૧ જે પોકસો કેસ નં.૦૬/૨૦૨૬માં રજુ છે તેમાં આઇ.ઓ.શ્રીને જાતેથી તપાસ કરવી અને સમય મર્યાદામાં તપાસ પુર્ણ કરવી અને તપાસ રીપોર્ટ સાથે તા.૧૪/૦૭/૨૦૨૬ના રોજ કલાક ૧૦.૪૫ વાગે સમયસર નામદાર કોર્ટમાં હાજર રહેશો તેવો હુકમ પણ કરેલ છે, તેમજ પોકસો કેસ નં.૦૮/૨૦૨૬માં પણ તે જ રીતે આઇ.શ્રીએ પોલીસ અધિક્ષકશ્રીને નિ.૨૪/૧ થી હુકમ કરેલ છે તે હુકમ પોલીસ અધિક્ષકશ્રીને પહોંચી

ગયેલ હોય તેવું પણ જણાય છે છતાં પણ પોલીસ અધિક્ષકશ્રી,વડોદરા ગ્રામ્ય જે તપાસ કરનાર અધિકારી છે તે ઉપરોકત રીતે પોકસો કેસ નં. ૦૬/૨૦૨૬ અને પોકસો કેસ નં.૦૮/૨૦૨૬ના કામે વિડીયો કોન્ફરન્સથી હાજર રહેવા પરવાનગી માંગે છે અને સાથે ઉપરોકત જણાવ્યા પ્રમાણેનો નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાની નકલ રજુ કરેલ છે અને તપાસ કરનાર અધિકારી પોલીસ અધિક્ષકશ્રી સુશીલ અગ્રવાલ તરફે વિડીયો કોન્સફરન્સની અરજીની સુનવણી માટે કોઇ હાજર નથી અને બંને પોલીસ અધિકારી પી.આઇ.શ્રી તા.૧૪/૦૭/૨૦૨૬ રાખવા વિનંતી કરે છે અને કાલે આવી જશે તેવું પણ જણાવે છે, છતાં પણ પોલીસ અધિક્ષકશ્રી અને તપાસ કરનાર અધિકારીશ્રી સુશીલ અગ્રવાલને પુરતી અને વ્યાજબી તક મળે અને સાથે પોકસો કેસ નં.૦૬/૨૦૨૬માં આંક-૩૩ના હુકમ મુજબ (૧) શ્રી સુશીલ અગ્રવાલ, પોલીસ અધિક્ષકશ્રી વડોદરા ગ્રામ્ય, વડોદરા, (૨) પોલીસ અધિક્ષકશ્રી વડોદરા ગ્રામ્ય, વડોદરા અને તપાસ કરનાર અધિકારી તે રીતે નોટીસ કરેલ છે તેને પણ સાથે ધ્યાને લેતા અને છતાં પણ વ્યાજબી તક મળે તે હેતુ ધ્યાને લેતા અને બંને કેસમાં વિડીયો કોન્ફરન્સથી હાજર રહેવાની જે અરજી છે તેમાં જે ચુકાદો નામદાર સુપ્રીમ કોર્ટનો રજુ કરેલ છે તે ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લીધો અને આ કામે પોલીસ અધિક્ષકશ્રી તપાસ કરનાર અધિકારી છે તે હકીકત સાથે ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારીશ્રીને તે પુછવુ ન્યાયી જણાય છે કે તપાસ કરનાર અધિકારી તરીકે પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય હોય અને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેના આંક નીચે કોર્ટના હુકમો હોય તે પણ ધ્યાને લેતા અને ધ ડીસ્ટ્રીકટ કોર્ટસ ઓફ ધ ગુજરાત સ્ટેટસ ફોર ધ યુઝ ઓફ ઈલેકટ્રોનીક કોમ્યુનીકેશન એન્ડ ઓડીયો વિડીયો ઈલેકટ્રોનીક મીન્સ રૂલ્સ ૨૦૨૫ ના રૂલ નં.૧૩(૯) પણ સાથે ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારી તરફે રજુ કરેલો નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ એન્ડ અર્ધસ વિ. એસોસીયેશન ઓફ રીટાયર્ડ સુપ્રીમકોર્ટ

અને હાઇકોર્ટ જજીસ એટ અલ્હાબાદ એન્ડ અર્ધસ,સીવીલ અપીલ નં.૨૩–૨૪/૨૦૨૪ નો તા.૦૩/૦૧/૨૦૨૪ નો ચુકાદો તપાસ કરનાર અધિકારી તરીકે કંઇ રીતે તપાસ કરનાર અધિકારીને સંબંધીત છે તે તપાસ કરનાર અધિકારીએ સ્પષ્ટ અત્રેની કોર્ટને લેખીતમાં જણાવવું.

આ હુકમની જાણ તપાસ કરનાર અધિકારીને થાય તે માટે પી.આઇ.શ્રી. એચ.બી.ગોહીલને નકલ આપવી તેમજ આ હુકમની જાણ પોલીસ મહાનિરીક્ષકશ્રી વડોદરા વિભાગને થાય તે માટે તેઓને ઇમેઇલથી નકલ મોકલવી તેમજ એક હુકમની નકલ પબ્લીક પ્રોસીકયુટરશ્રી અને જીલ્લા સરકારી વકીલશ્રીને મોકલવી.

અસલ હુકમ પોકસો કેસ નં.૦૬/૨૦૨૬માં રાખવો અને નકલ પોકસો કેસ નં. ૦૮/૨૦૨૬માં રાખવી અને પોકસો કેસ નં.૦૬/૨૦૨૬માં જે આંક આવતા હોય તે પોકસો કેસ નં.૦૬/૨૦૨૬ની અરજી ઉપર આપવા અને પોકસો કેસ નં.૦૮/૨૦૨૬માં જે આંક આવતા હોય તે પોકસો કેસ નં.૦૮/૨૦૨૬ ની અરજી ઉપર આપવા.

આ હુકમ આજરોજ તા.૧૩ મી જુલાઇ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૨૬
ભરૂચ

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોકસો જજ, ભરૂચ.
**(U.I.CODE-GJ00659)**